ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા

# ત્રીજા લોકડાઉન બાદ શહેરીજનોને હવે આંશિક છૂટછાટની રાહ

ગાંધીનગર, તા.૧૩

શહેરીજનો ત્રીજા લોકડાઉન સુધી સરકાર દ્વારા જાહેર કરાયેલા દરેક નિયમોનું પાલન કરી રહ્યા હતા અને હજી પણ લોકડાઉન ૪ માં પાછા નહિ પડે. પરંતુ હવે શહેરીજનો આવનાર લોકડાઉનમાં આંશિક છૂટછાટ મળે તેવું ઈચ્છી રહ્યા છે. તા.૧૫મી મે થી અમદાવાદ રાજકોટ જેવા ઘણા શહેરમાં અનાજ કરિયાણું, ફળો અને શાકભાજીની દુકાન સાથે ઘંટી પણ ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવી છે. શહેરીજનો પણ ઈચ્છે છે કે ગાંધીનગરમાં પણ આંશિક છૂટછાટ મળે જેથી આટલા દિવસથી ઘરમાં જ રહેલા સભ્યો કાંઈ કામ ના બહાને પણ હવાફેર કરી શકે આમ ને આમ રહ્યું તો ઘરે રહીને તેઓ કંટાળી જશે. શહેરીજનો કહેવું છે કે તેઓને પણ બીજા શહેરોની જેમ છુટછાટ મળવી જોઈએ. ગાંધીનગરને રેડ ઝોન જાહેર કરી દેવામાં આવ્યું છે ત્યારથી જ ઓનલાઈન ડિલીવરી પણ બંધ થઈ ગઈ છે ઉપરાંત નગરમાં પણ કરિયાણા અને મેડિકલ સિવાય કોઈપણ દુકાનો ખુલ્લી જોવા મળતી



નથી. અને ઘરની બહાર ન જવું પડે એવું જરૂરી સમજતા શહેરીજનો માને છે કે સરકાર ઓનલાઈન ડિલિવરી માટે પણ છૂટછાટ આપે. આ ઉપરાંત શહેરીજનો ઉનાળાની ઋતુમાં આઈસ્ક્રીમ અને કેરીથી તો સાવ વંચિત રહી ગયા છે તેમાં પણ ખાસ બાળકો આઈસ્ક્રીમ ખાવા માટેની હવે જીદ કરી રહ્યા છે ઘરે બનાવેલો આઈસ્ક્રીમ તેમને ભાવતો નથી માટે નગરજનો ઈચ્છે છે કે નગરના દરેક વિસ્તારમાં અમુક દુકાન ખૂલે તો તેઓ ત્યાંથી બાળકોને આઈસક્રીમ લઈને આપી શકે. ઉપરાંત નાના મોટા દરેકને ભાવતી કેરી પણ હાલ ઉપલબ્ધ નથી તો ૧૮ તારીખ બાદ તે પણ ઉપલબ્ધ થાય. આ ઉપરાંત ફળ અને શાકભાજીની દુકાનો પણ સમયાંતરે ખુલ્લી રહે તો તેઓ ખરીદી શકે. કોરોનાના ડરથી દૈનિક સમાચાર પત્ર પણ ગાંધીનગરના ઘણા વિસ્તારોમાં ઉપલબ્ધ થતા નથી તો તેની પણ ઉપલબ્ધી થાય તે જરૂરી બન્યું છે.

પોતાની સોસાયટીમાં ધ્યાન રાખીને થોડી વાર સુધી હરવા-ફરવા દેવામાં આવે તો તેઓ હવે શાંતિથી શ્વાસ લઈ શકે ઘરમાં રહીને હવે ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ગૂંગળામણ થવા લાગી છે. આમ પણ હવે કોરોના અને લોકડાઉનને લઈને દરેક સતર્ક બન્યા છે. પોતાની જાતની જવાબદારી લેવા સૌ સક્ષમ છે. છુટછાટ તરત મળી જાય તેની જરૂર નથી પરંતુ ૧૮ તારીખ બાદ અમુક રીતે છુટછાટ મળવી હવે અનિવાર્ય છે.

નગરજનો સરકારના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે કે, ગાંધીનગર ને પણ ૧૮મી તારીખ બાદ કેટલી છૂટછાટ આપવામાં આવે છે?



લૉકડાઉનના સમયમાં પણ કેટલાક એવા કર્મયગીઓ છે જેઓ અવિરત પોતાની કામગીરી કરી રહ્યા છે. સફાઈકર્મીઓ તેમાંથી એક છે. હાલમાં શહેરમાં વાહનવ્યવહાર સાવ ઓછો છે ત્યારે રોડ પરથી ડસ્ટ દૂર કરતું મશીન પૂરી ક્ષમતાથી તેની કામગીરી કરી રહ્યું છે અને શહેરને સ્વચ્છ બનાવી રહ્યું છે.

## વજન કરતા વધુ ટામેટુ ન મુકતા મહિલા વેપારીને પુરૂષે લાફો ઝીંક્યો..!

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં લોકડાઉન વચ્ચે અજીબો ગરીબ કિસ્સા સામે આવી રહ્યા છે. આદીવાડા પાસે શાક વેચાણ કરતી મહિલા પાસેથી ટામેટા લેવા આવેલા પુરુષે માત્ર એક ટામેટુ વધુ લેવા માટે આશ્ચર્યજનક વર્તન કરતા મહિલા હેબતાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ અત્યારે હાલના સમયે લોકડાઉનમાં દુધ અને દવા જ મળી રહે છે. ત્યારે શાકભાજીની લારીઓ પણ ફરતી નથી, કારણ કે શાકભાજીની આવક ન હોવાથી લારીઓ સંપૂર્ણ બંધ છે. જેને પગલે શાકભાજીના ભાવ પણ ઉંચકાયા છે. ત્યારે ગણ્યાગાંઠ્યા ફેરીયા પાસે શાક હોય તો તેઓ ઘર બેસીને શાકનું વેચાણ કરી રહ્યા છે. ત્યારે આદીવાડા પાસે શાક વેચતી એક મહિલા પાસે ટામેટા લેવા આવેલા પુરુષે માત્ર એક ટામેટુ વધારે લેવા માટે હોહા કરી હતી. સાદા ડ્રેસમાં આવેલા પુરુષે પોલીસ તરીકેની ઓળખ આપી અન્ય રહીશોને પણ ડરાવ્યા હતા. સ્થાનિક રહીશો પાસેથી મળતી માહિતી મુજબ સોમવારે સાંજના સુમારે એક વ્યકિત ટામેટા ખરીદી માટે આવ્યો હતો. નિયત વજન કરતા ટામેટુ વધુ હોવાથી મહિલા વેપારીએ નીકાળી દીધુ હતું. જેથી આ વાત આવનાર વ્યકિતને પસંદ ના આવતા તેણે સત્તાવાહી અવાજમાં ટામેટું પરત મુકવા માટે આદેશ કર્યો હતો.મહિલાએ વજન પ્રમાણે ટામેટા હોવાનું કહેતા જ પેલા વ્યકિતનો પિત્તો ગયો હતો. મને ઓળખતા નથી, હું પોલીસ છું તેમ કહીને પુરુષે મહિલાને લાફો ઝીંકી દીધો હતો. આદીવાડા પાસે જગજાહેર ઘટના બનતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જેથી પોલીસ હોવાનો દાવો કરનાર પુરુષે ચાલતી પકડી લીધી હતી.

## ખોરજ ગામે ખેડુત પર હુમલાની ઘટનામાં સામે પક્ષે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર આવેલા ખોરજ ગામે ખેડુત પર હુમલાની ઘટનામાં સામે પક્ષે ફરીયાદ નોંધાઈ છે. જેમાં રવિ દિનેશભાઈ પટેલે અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ પોતાના ડ્રાઈવર સાથે ખોરરજ ગામની સીમમાં સાઈટ પર ગયા હતા. ડ્રાઈવર સાઈટ ચેક કરવા ગયો હતો, ત્યારે બકાભાઈ ઉર્ફે જતીનભાઈ ગોરધનભાઈ પટેલ ગાળો બોલવા લાગ્યા હતા. જેથી ફરીયાદીએ બકાભાઈને ફોન કરતા તેઓએ ગાળાગાળી કરીને ત્યાં રહેવા કહ્યું હતું. જેથી ગભરાઈ ગયેલા ફરીયાદીએ પોતાના મામા અને પિતરાઈ ભાઈ ને બોલાવી લીધા હતા. આ સમયે બકાભાઈ તેમનો દિકરો પ્રશિલ તેમજ તેમનો ડ્રાઈવર આવ્યા હતા. તેઓ ફરીયાદીના મામાની ગાડી પર લોખંડનો સળીયો, લાકડીઓ, ધારીયુ લઈને તુટી પડ્યા હતા. ગાડીમાં તોડફોડ સાથે બકાભાઈએ ધારીયુ મારતા ફરીયાદીને માથાના ભાગે વાગ્યું હતું. આ સમયે ફરીયાદીના મામા અને ભાઈ વચ્ચે પડતા પ્રશિલ જતીનભાઈ પટેલ તેમજ બકાભાઈના ડ્રાઈવરે તેમને માર માર્યો હતો. જેથી ફરીયાદી રવિ પટેલે ત્રણેય સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. કુરજીભાઈ ડુંગરભાઈ ભેસાણીયા, ઉ.વ. ૮૭
- સ્વ. શાન્તાબેન મંગાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. દરજી પુંજીરામ કોદરભાઈ, ઉ.વ. ૮૬

## શહેરમાં ૧૫ નાગરીકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં મળીને કુલ ૧૫ વ્યકિતઓ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે. લોકડાઉનમાં કડક અમલવારી માટે તા.૧૭ મે સુધી માત્ર દવા અને દુધની દુકાનો ખુલ્લી છે તે સિવાયની તમામ ચીજવસ્તુઓની દુકાનો બંધ છે. ત્યારે સેકટર-૨૨ ખાતે શાકભાજી અને ફ્રુટનું વેચાણ કરતા યુવકને પોલીસે પકડયો હતો. જયારે બીજી તરફ કામવિના બહાર નીકળેલા નાગરીકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પોલીસે સેકટર-૨૮ ખાતેથી ૧, સે-૧૫ થી ૧, સે-૪ થી ૧, વાવોલથી ૧, ઈસનપુર મોટાથી ૩, માધવગઢથી ૧, ધણપથી ૪, રાયપુરથી ૧, વલાદથી ૧, સહિત બિનજરુરી રીતે ફરતા નાગરીકોને પકડી પાડીને તમામ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## આનંદ નિકેતન સ્કૂલ દ્વારા પણ વાલીઓને ફી ભરવા દબાણ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર સુઘડ ગામ પાસે આવેલી ખાનગી સ્કૂલના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને તાત્કાલીક અસરથી ઓનલાઈન ફી ભરવા માટે દબાણ કરી રહ્યા છે. જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સમગ્ર ભારતભરમાં લોકાડાઉન કરી દેવામાં આવ્યું છે. હાલના સમયે માત્ર દુધ અને દવા બજારમાં મળી રહે છે. લોકડાઉનમાં આર્થિક સંકડામણ વચ્ચે નાગરીકો દિવસ પસાર કરી રહ્યા છે. લોકડાઉન ખુલે તેની રાહ જોઈને બેઠા છે. ત્યારે સરકાર દ્વારા જુન સુધી વેકેશન શાળામાં જાહેર કરાયું છે. ત્યારે અમદાવાદ સુઘડ પાસે આવેલ ખાનગી શાળા સહિત કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓના વાલીઓને ફી નો પ્રથમ હપ્તો ભરવા માટે દબાણ કરવામાં આવે છે. જયારે આ વાતની જાણ ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખને થતા તેઓએ આનંદ નિકેતન શાળાના આચાર્ય સાથે વાત કરી હતી અને તેઓને ફીમાં ઘટાડો કરી ફી ભરવામાં રાહત આપો તેવી વાત કરતા શાળાના આચાર્યએ વધુ કંઈ ના કહેતા વાત પૂર્ણ કરી દીધી હતી. ત્યારે હાલના સમયે ગાંધીનગર શહેરની પણ કેટલીક શાળાઓમાંથી વાલીઓને ઓનલાઈન પેમેન્ટ માટે ફોન આવી રહ્યા છે અને આગામી ટુંક સમયમાં શાળાના ઓનલાઈન કલાસ શરુ થઈ જવાના છે. જેથી શાળાના ફીનો પ્રથમ હપ્તો ભરી જવા માટે દબાણ કરવામાં આવે છે. જેને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આ મહામારીમાં ફી માટે ફોન આવતા રોષની લાગણી જોવા મળી રહી છે.

# વતનની વાટ પકડતાં શ્રમિકો માટે ઘરસુધીનું ભાથું

## સે-૭ના સેવાભાવી અગ્રણી બિપીનભાઈ ભટ્ટ અને સાથીઓ દ્વારા ૬૦૦થી વધારે શ્રમિકો માટે સુખડી-ગાંઠિયા અને પાણીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેવભાવી અગ્રણી અને પૂર્વ અધિક કલેકટર બિપીનભાઈ ભટ્ટ અને સાથીઓ છેલ્લા એક સપ્તાહથી વતન જઈ રહેલા શ્રમિકો માટે સુખડી, ગાંઠિયા, તરબુચ અને પાણીનું વિતરણ કરે છે. ૩ દિવસ ગાંધીનગર એસ.ટી.ડેપો પાસેથી શ્રમિકોની બસમાં ઘરે પહોંચે ત્યાં સુધીના નાસ્તા પાણીની વ્યવસ્થા કરી હતી. આજે દહેગામથી કાલુપુર રેલવે સ્ટેશન જઈ રહેલી શ્રમિકોની બસમાં લગભગ ૧૦૦થી વધુ પ્રવાસી શ્રમિકોને સુખડીનું વિતરણ કર્યું હતું. દહેગામથી પાછા વળતા ચિલોડા ચાર



રસ્તા ઉપર ઓવરબ્રીજની નજીક આરામ કરતાં શ્રમિકો પર નજર પડતાં તેમની ટીમ ત્યાં પહોંચી. અમદાવાદથી ચાલતા વતન જવા નીકળેલા ૧૫૦ પ્રવાસી શ્રમિકો થાકી જતાં આરામ કરવા ઓવરબ્રીજના છાંયડે બેઠા હતા. જેઓ મહદ અંશે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના હોવાનું જાણવા મળ્યું હતું. બાળકો અને મહિલાઓ સહિતના શ્રમિક સમુદાયને પણ સુખડી અને ગાંઠીયાનું વિતરણ કર્યું હતું. અને સાંજે પણ તેમના જમવાની વ્યવસ્થા પણ તેમની ટીમ દ્વારા કરાઈ હતી.

છેલ્લા પાંચ દિવસથી સેવામાં કાર્યરત બીપીનભાઈ અને તેમની ટીમે અત્યાર સુધી ૧૭ બસોમાં સાબરમતી અને કાલુપુર જઈ રહેલ ૬૦૦થી વધુ પ્રવાસી શ્રમિકો અને તેમના પરિવારોને વતન સુધી ચાલે તેટલી સુખડી અને ગાંઠીયાના પેકેટ નિયમિત રીતે વિતરણ કરે છે. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં બિપીનભાઈએ જણાવ્યું હતું કે મિત્રો અને શુભેચ્છકોના ઉદાર સહયોગથી રોજે રોજ આ વ્યવસ્થા શકય બની છે. રાયસણ ગામના મારા યુવાન મિત્રો દ્વારા સુખડી અને ગાંઠીયા બનાવવાનું કામ રાત દિવસ ચાલી રહ્યું છે. રાયસણના યુવાન અને મારો મિત્ર પરિવાર મારા સેવા સંકલ્પને બળ આપી રહ્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસ સતત વધતા રહેતા અનેક સેકટરોને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરાયા છે. સેકટર-૫માં પણ કોરોનાના કેસ આવતા વસાહતીઓ લૉકડાઉનનો ચુસ્તપણે અમલ કરી રહ્યા છે. તેઓએ સ્વયં શિસ્ત જાળવી ઘરની બહાર નીકળવાનું બંધ કર્યું છે.

# મેડીકલ કોલેજનો ફિઝીયોલોજી વિભાગ કોરોના પોઝિટીવ દર્દીઓને પીવડાવે છે ‘હર્બલ ટી’

## મેડીકલ કોલેજના કેમ્પસમાં ઉગાડેલ ઔષધિઓમાંથી રોજ તાજી હર્બલ ટી બનાવાય છે : કોવિડ-૧૯ના દર્દીઓ ઉપરાંત કોરોના વોરિયર્સને પણ નિઃશુલ્ક હર્બલ ટીનું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

કોરોના કોવિડ-૧૯ વાયરસની આમ તો કોઈ દવા શોધાઈ નથી પરંતુ જેની રોગપ્રતિકારક શકિત વધારે હોય તે દર્દી આ મહામારીનો મુકાબલો સારી રીતે કરીને તેને મ્હાત કરી શકે છે. રોગ પ્રતિકારકશકિત વધારવા ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં તબીબી ક્ષેત્રની વિવિધ શાખાઓ જેવી કે એલોપેથી, આયુર્વેદ અને હોમિયોપેથીના ઉપચારો સૂચવવામાં આવ્યા છે. જેમાં સૌથી વધારે ઉપચારો આયુર્વેદ પધ્ધતિના છે. ભારતની આ પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ અંતર્ગત સૂચવાયેલા ઉપચારોમાં ‘હર્બલ ટી’ એટલે કે આયુર્વેદિક ઉકાળાનો વિકલ્પ વધુ અસરકારક રહ્યો હોવાનું અનુમાન છે. ગાંધીનગરના સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ના દર્દીઓને જીએમઈઆરએસ મેડીકલ કોલેજના ફિઝીયોલોજી વિભાગ દ્વારા સંચાલિત ‘યોગ કિલનિક’ દ્વારા સિવિલ હોસ્પિટલ સંકુલમાં જ આયુર્વેદિક ઔષધિઓનો ઉછેર કરી ઓર્ગેનિક ઔષધિઓમાંથી બનાવાયેલી ‘હર્બલ ટી’ પીવડાવવાની સેવા આપવામાં આવી રહી છે.

જીએમઈઆરએસ મેડીકલ કોલેજના ફિઝિયોલોજી વિભાગ દ્વારા કેમ્પસમાં વિકસાવાયેલા હર્બલ ગાર્ડનમાંથી ઓર્ગેનિક સરગવા, ઓર્ગેનિક તુલસી, આદુ વગરે ઔષધિઓમાંથી બનાવાયેલ હર્બલ ટી એટલે કે આયુર્વેદિક ઉકાળાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા કોવિડ-૧૯ના પોઝિટિવ દર્દીઓ ઉપરાંત અન્ય દર્દીઓ, તબીબો, નર્સીંગ તથા અન્ય સ્ટાફ, ઈન્ટર્ન સ્ટાફ વગેરેને દરરોજ વિના મૂલ્યે આ સેવા પુરી પાડવામાં આવી રહી છે. મેડીકલ કોલેજમાં ‘યોગ કિલનિક’ની શરૂઆત વિભાગના ડીન ડૉ. શોભના ગુપ્તા, સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણી અને ફિઝિયોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા પુરી પાડવામાં આવતી હર્બલ ટી બનાવવા તમામ ઔષધિ કેમ્પસના હર્બલ ગાર્ડનમાં જ ઓર્ગેનિક પધ્ધતિથી ઉછેરવામાં આવે છે જે રોગપ્રતિકારક શકિત

### કેવી રીતે બને હર્બલ ટી?

આશરે ૧૦ વ્યકિત માટે હર્બલ ટી બનાવવા માટે ફિઝિયોલોજી વિભાગના ડૉ.જીજ્ઞેશ હરખાણીએ જણાવ્યું હતું કે ૧૦ થી ૨૦ ગ્રામ આદુ, ૫૦ થી ૧૦૦ તુલસીના પત્તા તેમજ સરગવો વગેરેને ૫થી ૧૦ મિનિટ સુધી ઉકાળી પછી ગાળી લઈને તેમાં લીંબુ તેમજ દેશી ગોળ ઉમેરવો, આ હર્બલ ટી એટલે કે ઉકાળો શકય હોય તો તાજો અને થોડો હુંફાળો હોય તે રીતે જ લેવો અને તે પીધા બાદ ૧૫ મિનિટ સુધી પાણી કે ખોરાક લેવો નહીં!




વધારવામાં ખૂબ ઉપયોગી બને છે. આ ઔષધિઓમાં આદુ જે વાત અને કફ દોષ ઘટાડી સંક્રમક વિષાણુ રોગ સામે રક્ષણ આપે છે, મોંઢામાં તથા નાકના દ્વારમાં રહેલા કફને સાફ કરી સોજા ઉતારે છે, તુલસીની આસપાસ વાઈરસ કે મચ્છરોનો ઉપદ્રવ થતો નથી, વાતાવરણ શુધ્ધ થાય છે અને વાત-કફનાશક, વિષાણુ જ્વરનાશક ગણાય છે. સરગવામાં વિટામીન-એ, વિટામીન-સી અને વિટામીન-ઈ પુષ્કળ પ્રમાણમાં હોય છે જે એન્ટી ઓકિસડન્ટ હોવા સાથે દૂષિત તત્વોનો નાશ કરે છે. આ ઔષધિઓથી બનેલ હર્બલ ટી દરેક નાગરિક પોતાના ઘરે પણ બનાવી શકે છે.પરંતુ જે નાગરિકને પીવી હોય તેને મેડીકલ કોલેજના ફિઝિયોલેજી વિભાગ દ્વારા વિના મૂલ્યે પીવડાવવાની સેવા આપવામાં આવી રહી છે. આ સાથે દર્દીઓને તથા સ્ટાફને ફ્રીજના ઠંડા પાણીના બદલે માટીના માટલાના પાણીમાં તુલસીના પાન નાંખીને આપવામાં આવે છે.